**સને ૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં મ.ભો.યો.અને પોષ્ટીક નાસ્તો આપવાની યોજનાને વહિવટી મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર,
**ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૧૪/૩૭૨/ર,**
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા.૧૭/ ૦૯/૨૦૧૪.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) કમિશનરશ્રી,મ.ભો.યો.નાતા.૩૧/૫/૨૦૧૪નાપત્રક્રમાંકઃમોડેલ/મ.ભો.યો./બજેટ/૨૦૧૪-૧૫/૧૨૭૮-૭૯

(૨) ગુજરાત કાઉન્સિલ ઓફ સેકેન્ડરી એજયુકેશન (R.M.S.A) તા.૨૫/૬/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ-મોડલ સ્કૂલ/મભોયો/ બજેટ/૨૦૧૪-૧૫/૧૨૧૨-૧૪.

(3) ગુજરાત કાઉન્સિલ ઓફ સેકેન્ડરી એજયુકેશન (R.M.S.A)ના તા.૧૮-૭-૨૦૧૪ ના પત્ર ક્રમાંકઃ-જીસીએસઇ/મભોયો//મોડેલ સ્કૂલ/૧૩૭૮.

(૪) કમિશનરશ્રી,મ.ભો.યો.નાતા.૬-૮-૨૦૧૪નાપત્રક્રમાંકઃ-મભય/અમલ/વશી/૧૬૨૫/૧૬૫૪/૭૦૯૬/૯૭.

ઠરાવઃ-

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પોષ્ટીક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહ્‌ન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન આપવામાં આવે છે સંદર્ભ-(૧) માં દર્શાવેલ કમિશનરશ્રી, મ.ભો.યો.ના તા.૩૧-૫-૨૦૧૪ ના પત્રથી ૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ -૯માં એક કલાસ દીઠ ૪૦ વિદ્યાર્થી મુજબ કુલ.૨૯૨૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રૂ.૧૨.૪૦ ની મર્યાદામાં મધ્યાહ્‌ન ભોજન યોજનાનો લાભ આપવા રાજ્ય સરકારના હિસ્સા પેટે રૂ.૮૬.૮૯ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ-૬ અને ૯માં બન્ને કલાસના કુલ-૮૦ વિદ્યાર્થી મુજબ કુલ-૫૮૪૦ વિદ્યાર્થીઓને પ્રતિ દિન વિદ્યાર્થી દીઠ રૂ.૧૨.૪૦ ની મર્યાદામાં સાંજે પોષ્ટીક નાસ્તો અને દુધ/જ્યુસ કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રૂ.૧૭૩.૮૦ લાખ મળીને કુલ રૂ.૨૬૦.૭૦ લાખની બજેટ જોગવાઇ સંદર્ભ-(૨) માં દર્શાવેલ ગુજરાત કાઉન્સિલ ઓફ સેકેન્ડરી એજયુકેશન (R.M.S.A)ના તા.૨૫/૬/૨૦૧૪ ના પત્રથી સૂચવ્યા મુજબ સને.૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ હતી. સંદર્ભ-(૩) અને (૪)માં દર્શાવેલ પત્રોથી આ યોજનાને વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત મળેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે ૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ-૯માં એક કલાસ દીઠ ૪૦ વિદ્યાર્થી મુજબ કુલ.૨૯૨૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રૂ.૧૨.૪૦ ની મર્યાદામાં મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ આપવા રાજ્ય સરકારના હિસ્સા પેટે રૂ.૮૬.૯૦ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ-૬ અને ૯માં બન્ને કલાસના કુલ-૮૦ વિદ્યાર્થી મુજબ કુલ-૫૮૪૦ વિદ્યાર્થીઓને પ્રતિ દિન વિદ્યાર્થી દીઠ રૂ.૧૨.૪૦ની મર્યાદામાં સાંજે પોષ્ટીક નાસ્તો અને દુધ/જ્યુસ કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રૂ.૧૭૩.૮૦ લાખ મળીને કુલ રૂ.૨૬૦.૭૦ લાખ ( અંકે રૂપિયા બે કરોડ સાઇઠ લાખ સીત્તેર હજાર પુરા)ની કરવામાં આવેલ બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છેઃ-

(૧) મોડેલ સ્કૂલમાં ધોરણ-૬ અને ધોરણ-૯ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ગરમ નાસ્તો / દૂધ/જયુસ આપવાની વ્યવસ્થા મોડેલ સ્કૂલનું સ્વતંત્ર મકાન કાર્યરત ન થાય ત્યાં સુધી જે તે શાળા કક્ષાએથી ઉભી કરવાની રહેશે અને જરૂરી ગ્રાન્ટની ફાળવણી કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજના મારફતે જિલ્લા શિક્ષણ અધિકારીને કરવાની રહેશે.

(૨) મોડેલ સ્કૂલ અંતર્ગત મધ્યાહ્ન ભોજન યોજનાનો જિલ્લા કક્ષાએ અમલ નાયબ કલેકટર (મ.ભો.યો.) ઉપરાંત આર.એમ.એસ.એ કોઓર્ડિનેટર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ક્ષેત્રિય સ્ટાફ દ્વારા કરવાનો રહેશે.

(3) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતોવખતની સૂચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

(૧૦) આ યોજનાનો અમલ ઠરાવ રવાના થયા તારીખથી કરવાનો રહેશે.

(૧૧) રાજયની ૭૩ મોડેલ સ્કૂલમાં ધોરણ-૬ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન યોજના અંતર્ગત સમાવેશ કરીને તે અંગેનો ખર્ચ ભારત સરકાર પાસેથી મેળવવા જરૂરી કાર્યવાહી કમિશનર, મ.ભો.યો. દ્વારા કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ, પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ, ગૌણ સદર-૧૦૨-મધ્યાહ્ન ભોજન (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૨/૦૮/૨૦૧૪ ની અને સરકારશ્રીની તા.૩૦/૮-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી. હળપતિ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- તમામ માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
-- તમામ માન.રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. રાજય કક્ષાના શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
-- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના રહસ્ય સચિવ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (ઉ. અને ટે. શિ.) ના રહસ્ય સચિવ, શિક્ષણ વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- કમિશનરશ્રી, શાળાની કચેરી, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓની કચેરી.
-- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
-- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીઓ
-- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીઓ
-- સર્વે જિલ્લા તિજોરી અધિકારીઓ

} કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન. યોજનાની કચેરી, ગાંધીનગર મારફત

-- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા/ નાણાં શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા સારૂં).
-- ના. સે. અ. સિલેકટ ફાઇલ.
-- સિલેકટ ફાઇલ.